# શ્રી પંચસૂત્ર પ્રથમસુત્ર

(ભાવાનુવાદ)

## આદ્ય મંગલ

णमो वीअरागाणं, सव्व-ण्णूणं, देविंद-पूई-आणं,

जह-ट्ठिअ-वत्थु-वाईणं, तेलुक्क-गुरुणं,

अरुहंताणं, भगवंताणं |

હે વીતરાગ પરમાત્મા ! આપને નમસ્કાર થાઓ !

હે સર્વજ્ઞ પ્રભુ ! આપને નમસ્કાર થાઓ !

હે દેવેન્દ્રથી પુજાએલ પ્રભુ ! આપને નમસ્કાર થાઓ !

હે પરમ સત્યને કહેનારા નાથ ! આપને નમસ્કાર થાઓ !

હે ત્રણ ભુવનના જગદ્દગુરુ ! આપને નમસ્કાર થાઓ !

આવા આવા ઉત્તમ વિશેષણોને ધારણ કરનારા

હે અરિહંત ભગવંત ! આપને મારા કોટિ કોટિ પ્રણામ હો !

# પ્રભુ કહે છે કે . . .

जे - एव-माईक्-खंति ईह खलु

१. अणाई-जीवे,

२. अणाई-जीवस्स भवे,

३. अणाई-कम्म-संजोग-निव्वत्तिए,

४. दुक्खरुवे,

५. दुक्खफले,

६. दुक्खाणुबंधे,

હે મારા અંતર્યામિ પ્રભુ ! આપે છ વાતો આ મુજબ ફરમાવી છે.

૧. જીવ અનાદિકાળથી છે.

૨. જીવનો સંસાર અનાદિકાળથી છે.

૩. જીવને કર્મનો સંયોગ પણ અનાદિકાળથી છે.

અનાદિકાળથી ચાલ્યો આવતો આ સંસાર . . .

૪. સ્વયં 'દુઃખસ્વરૂપ' છે.

૫. ભોગવ્યા બાદ ફળમાં દુઃખ આપનારો હોવાથી 'દુઃખફલક' છે.

૬. અને એ દુઃખોની પરંપરા ચાલુ જ રહેતી હોવાથી 'દુઃખાનુબંધી' પણ છે.

# સંસારનો નાશ કરવાના ઉપાયો

एअस्स णं वुच्छित्ती सुध्ध-धम्माओ,

सुध्ध-धम्म-संपत्ति पाव-कम्म-विग-माओ,

पाव-कम्म-विगमो तहा-भव्व-त्ताई-भावओ |

હે વિશ્વવત્સલ વિભુ !

આવા દુઃખરૂપ સંસારનો નાશ કરવાના ઉપાયો આપે આ મુજબ જણાવ્યા છે.

દુઃખસ્વરૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી સંસારનો નાશ 'શુદ્ધધર્મ' દ્વારા થાય છે. શુદ્ધ એવા ધર્મની પ્રાપ્તિ 'પાપકર્મોનો વિનાશ' થવાથી થાય છે. પાપકર્મોનો વિનાશ 'તથાભવ્યત્વના' પરિપાકથી થાય છે.

(તથાભવ્યત્વ એટલે મોક્ષગમનની યોગ્યતાવાળો અનાદિપારિણામિક ભાવ.

કેરી જેમ ઘાસમાં નાખવાથી જલ્દી પાકે છે, તેમ જીવની યોગ્યતા સ્વરૂપ તથાભવ્યત્વ

પણ હવેના ઉપયોગથી જલ્દી તૈયાર થાય છે. જીવનો કાળ પાકતાં શુભ ફળોની હારમાળા શરુ થાય છે.)

# અરિહંતોનો ઉપદેશ: તથાભવ્યત્વને પકવવાના ત્રણ ઉપાયો

तस्स पुण विवाग-साह-णाणि-

१. चउसरण-गमणं,

२. दुक्कड-गरिहा,

३. सुकडाण सेवणं,

अओ कायव्व-मिणं, होउ कामेणं सया सुप्पणि-हाणं, भुज्जो भुज्जो संकिलेसे, तिकालम-संकिलेसे |

હે પરમ કરુણાનિધાન પ્રભુ ! સાધ્ય વ્યાધિ સમાન આ તથાભવ્યત્વનો પરિપાક કરવા માટે આપે ત્રણ સાધનો જણાવ્યા છે.

૧. ચાર શરણનો સ્વીકાર,

૨. દુષ્કૃતની ગર્હા,

૩. સુકૃતની અનુમોદના

સંસારથી છૂટવાની અને મોક્ષ પામવાની ઈચ્છાવાળા જીવાત્માએ આ ઉપાયોનું સેવન નિયમિત ઉપયોગપૂર્વક ચાલુ રાખવું.

હા ! જ્યારે જ્યારે ચિત્ત અપ્રસન્ન હોય, મનમાં ભય, ખેદ, દ્વેષ, ચિંતા આદિ સંકલ્પ-વિકલ્પો ઉભરાતા હોય ત્યારે તો વારંવાર આ ત્રણ ઉપાયોનું સેવન કરવું. જો કદાચ મનની આવી અશાંત અને ડામાડોળ સ્થિતિ ન

હોય તો પણ આ ત્રણ ઉપાયોના સેવન સ્વરૂપ આ સૂત્રનો પાઠ દિવસમાં ત્રણ સંધ્યાએ તો અવશ્ય કરવો.

હે દયાના સાગર મારા વ્હાલા પ્રભુ ! મારા કલ્યાણ માટે આપે ફરમાવેલ ત્રણ ઉપાયોનું સેવન ખરા અંતઃકરણથી હવે હું શરુ કરું છું.

# ચતુઃ શરણ

## ૧. અરિહંતનું શરણ

जावज्जीवं मे भगवंतो-परम-तिलोगणाहा, अणुत्तर-पुण्ण-संभारा,
खीण-राग-दोस-मोहा, अचिंत-चिंतामणि, भवजलहि-पोआ,
एगंत-सरणा, अरिहंता सरणं |

ચાર શરણનો સ્વીકાર

હે અરિહંત ભગવંતો ! આપ ત્રણ લોકમાં સર્વ શ્રેષ્ઠ છો ! આપ સર્વોત્કૃષ્ટ પુણ્યના ભંડાર છો ! આપ રાગ-દ્વેષ અને મોહને જીતનારા છો !

આપ અચિંત્ય ચિંતામણી રત્ન સમાન છો !

આપ આ સંસાર સાગર તરવા માટે જહાજ સ્વરૂપ છો !

હે દયાના સાગર ! હે કૃપાના ભંડાર ! હે અનાથના નાથ !

હે અનંતાનંત અરિહંત ભગવાન !

આપ જ મારું જીવનભર એકમેવ શરણ છો ! આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઉભરાતા આ અફાટ સંસાર સાગરમાં અટવાયેલો એવો હું અનન્ય અને અકામ ભાવે આપની શરણાગતિ સ્વીકારું છું.

## ૨. સિદ્ધનું શરણ

तहा-पहीण-जर-मरणा, अवेअ-कम्म-कलंका,

पणट्ठ - वा - बाहा, केवल-नाण-दंसणा,

सिध्धिपुर-निवासी, निरूवम-सुह-संगया,

सव्वहा कय-किच्चा, सिध्धा सरणं |

હે સિદ્ધ ભગવંતો !

આપ જન્મ-જરા-મરણથી રહિત છો ! આપે કર્મરૂપી કલંકને ધોઈ નાખ્યું છે ! આપ સર્વ પીડાઓથી મુક્ત છો ! આપ કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શનને ધારણ કરનારા છો ! આપ સિદ્ધશીલા નામની શાશ્વત નગરીના નિવાસી છો ! આપ નિરુપમ સુખના ભોકતા છો ! આપના સર્વ કાર્યો સંપન્ન થયા છે ! આપ સર્વથા કૃતકૃત્ય છો !

પ્રગટ પ્રભાવી હે સિદ્ધ ભગવંતો ! જિંદગીભર માટે આપ જ મારું સાચું શરણ છો !

હલાહલ કળિયુગમાં ચોતરફથી દાઝી રહેલો હું હૃદયના સાચા ભાવપૂર્વક આપનું શરણ સ્વીકારું છું.

## 3. સાધુનું શરણ

तहा - पसंत-गंभीरा-सया, सावज्ज-जोग-विरया,

पंच विहा-यार-जाणगा, परो-वयार-निरया,

पउमाइ-नि-दंसणा, झाणज्-झयण-संगया,

विसुज्झ-माण-भावा साहू सरणं |

હે મુનિ ભગવંતો ! આપ પ્રશાંતતા અને ગંભીરતાના મહાસાગર છો ! આપ સર્વ પ્રકારની પાપ પ્રવૃતિઓથી સર્વથા વિરામ પામેલા છો ! આપ પંચાચારના પરિપાલનમાં સમુદ્યત છો ! આપ સર્વ જીવો પર પરોપકાર કરવામાં તલ્લીન છો ! આપ આ સંસારના કાદવથી અલિપ્ત છો ! આપ સંસાર સરોવરમાં પદ્મકમળ જેવા નિર્મળ છો ! આપ સદાને માટે ધ્યાન અને સ્વાધ્યાયમાં તત્પર છો ! આપ સદૈવ બીજાનું ભલું કરવાના વિશુદ્ધ વિચારોમાં રમણ કરનારા છો !

હે હિતકારી ! હે ઉપકારી ! હે પરમોપકારી સાધુ ભગવંતો ! જીવનના છેલ્લા શ્વાસ સુધી આપ જ મારું શરણ છો !

ક્લેશો, કંકાસો અને કજિયાઓથી ઉભરાતા આ સંસારમાં અંધારે અથડાતો હું હૃદયના સાચા ભાવે આપનું શરણ સ્વીકારું છું.

# ૪. ધર્મનું શરણ

तहा-सुरा-सुर-मणुअ-पुइओ, मोह-तिमिरं-सुमाली,

राग-दोस-विस-परम-मंतो, हेउ सयल-कल्ला-णाणं,

कम्म-वण-विहावसु, साहगो सिध्ध-भावस्स,

केवलि-पण्णतो धम्मो जावज्जीवं मे भगवं सरणं |

હે કેવલી પ્રરૂપિત જિનધર્મ ! તું દેવ, દાનવ અને માનવોથી પૂજાયેલો છે.

હે જિનધર્મ ! મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે તું સૂર્ય સમાન છે.

હે જિનધર્મ ! રાગ-દ્વેષરૂપી ઝેરનો નાશ કરવા માટે તું પરમ કક્ષાનો મંત્ર છે.

હે જિનધર્મ ! સર્વજીવોના કલ્યાણમાં તું એક માત્ર કારણ છે.

હે જિનધર્મ ! કર્મરૂપી વનને બાળી મુકવા માટે તું દાવાનળ સમાન છે.

હે જિનધર્મ ! તું જ અમારા સિદ્ધ સ્વભાવને પ્રગટ કરી આપનાર છે.

હે જિનધર્મ ! તું અરિહંત પરમાત્માના શ્રીમુખેથી પ્રગટ થયેલો છે.

હે નોધારાનો આધાર ! હે અનાથનો નાથ ! હે વિશ્વમાં સર્વોત્કૃષ્ટ એવા જિનધર્મ ! હું ભવોભવ સુધી તારું શરણ સ્વીકારું છું.

હે જિનધર્મ ! ચાર (૪) ગતિ અને ચોર્યાસી (૮૪) લાખ જીવાયોનીના ભવભ્રમણમાં અટવાયેલો હું આજથી મન-વચન-કાયાથી આપનું શરણ સ્વીકારું છું.

# દુષ્કૃત - ગર્હા

सरण-मुव-गओ-अ एएसिं, गरिहामि दुक्कडम | जण्णं अरिहंतेसु वा, सिध्धेसु वा, आयरियेसु वा, उवज्झाएसु वा, साहूसु वा, साहूणिसु वा, अन्नेसु वा, धम्म-ट्ठाणेसु माणणि-ज्जेसु पुअणि-ज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बन्धुसु वा, मित्तेसु वा, उवयारिसु वा |

હે પ્રાણેશ્વર પરમાત્મા ! આ પ્રમાણે અરિહંત, સિધ્ધ, સાધુ અને ધર્મનું શરણ સ્વીકારવાથી મારી બુદ્ધિ નિર્મળ બની છે, હવે મને પાપકાર્યો અને દુષ્કર્મો પ્રત્યે દુર્ભાવ પેદા થયો છે.

ભૂતકાળમાં મેં કરેલા પાપકર્મોની હું પશ્ચાતાપ-પૂર્વક પંચ પરમેષ્ઠી સમક્ષ ગર્હા (નિંદા) શરુ કરું છું.

હે પરમેષ્ઠી ભગવંતો ! આ સંસારવાસમાં ક્યારેય પણ

- અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, સાધુ ભગવંતો, સાધ્વીજી મહારાજાઓની આશાતના કરી હોય
- બીજા પણ ધર્મના સ્થાનરૂપ ગુણાધિક એવા માનનીય અને પૂજનીય આત્માઓ પ્રત્યે અયોગ્ય વર્તન કર્યું હોય
- જન્મ જન્માંતરમાં પ્રાપ્ત થયેલા માતાઓ, પિતાઓ, ભાઈઓ, ભગિનીઓ, મિત્રો અને ઉપકારીઓ પ્રત્યે મેં જે કંઈ વિપરીત

આચરણ કર્યું હોય, તેમનું દિલ દુભવ્યું હોય તો તે બદલ પણ ક્ષમા યાચું છું.

ओहेण वा जीवेसु मग्ग-ट्ठिएसु अमग्ग-ट्ठिएसु,

मग्ग-साहणेसु, अमग्ग-साहणेसु, जंकिंचि वितह-मायरियं,

अणा-यरि-अव्वं अणिच्छि-अव्वं, पावं पावाणु-बंधि,

सुहूमं वा बायरं वा, मणेण वा, वायाए वा, काएण वा,

कयं वा, कारावियं वा, अणु-मोईअं वा,

रागेण वा, दोसेण वा, मोहेण वा,

इत्थ वा जम्मे, जम्मंतरेसु वा,

गरहिअ-मेअं, दुक्कड-मेअं, उज्झियव्व-मेअं,

હે પ્રાતઃસ્મરણીય પરમાત્મા ! હું કેટકેટલાને યાદ કરું ?

સામાન્યથી કહું તો આ વિશ્વમાં મોક્ષમાર્ગમાં રહેલા કે મિથ્યાત્વરૂપી ઉન્માર્ગમાં રહેલા સર્વજીવો પ્રત્યે તથા મોક્ષમાર્ગના સાધનરૂપ પુસ્તકાદિ ઉપકરણો પ્રત્યે તથા ઉન્માર્ગના સાધનરૂપ તલવાર આદિ અધિકરણો પ્રત્યે અવિધિએ પરિભોગ કરવા દ્વારા મેં જે કંઈપણ વિપરીત આચરણ કર્યું હોય, ન આચરવા યોગ્ય તથા ન ઈચ્છવા યોગ્ય એવું પાપાનુબંધી પાપ આચર્યું હોય, પછી તે પાપ આ

જન્મમાં કે જન્માંતરમાં કર્યું હોય, તે પાપ સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય, મનથી, વચનથી કે કાયાથી, રાગથી, દ્વેષથી કે મોહથી, કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તે સઘળું અવશ્ય નિંદા કરવા યોગ્ય છે, દુષ્કૃત્ય સ્વરૂપ છે, છોડી દેવા જેવું છે.

विआ-णिअं-मए, कल्लाण-मित्त-गुरु-भगवंत-वयणाओ,

एव-मेअंति रोइअं सध्धाए, अरिहंत- सिध्ध-समक्खं

गरिहामि अह-मिणं, दुक्कड-मेअं, उज्झियव्व-मेअं,

इत्थ मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं |

આ વાત મેં એકાંતે મિત્ર એવા મારા ગુરુભગવંતના વચનથી જાણી છે અને એ વાત જ બરાબર છે, એવું મારા હૈયામાં રુચિ ગયું છે માટે, હે અરિહંત પરમાત્મા ! હે સિદ્ધ ભગવાન !

આપની સમક્ષમાં હું એ પાપો અને દુષ્કૃત્યોની ગર્હા (નિંદા) કરું છું. તે પાપો છોડવા જેવા છે.

મારા એ સર્વ પાપો મિથ્યા થાઓ ! મિથ્યા થાઓ ! મિથ્યા થાઓ !

હે પ્રભુ ! તે ભૂલો બદલ ફરી ફરીને

મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં !

# સુ-પ્રાર્થના

होउ मे ऐसा सम्मं गरिहा | होउ मे अकरण-नियमो |

बहु-मयं ममे-अंति, इच्छामि अणु-सट्ठिं,

१. अरिहंताणं भगवंताणं

२. गुरुणं कल्लाण-मित्ता-णंति |

होउ मे एएहिं संजोगो | होउ मे ऐसा सुपत्थणा |

होउ मे इत्थ बहुमाणो | होउ मे ईओ मुक्ख-बीअंति |

હે વિશ્વવત્સલ પ્રભુ ! આપના પ્રભાવે મેં જે દુષ્કૃત-ગર્હા (નિંદા) કરી, તેમાં આપના પ્રભાવથી મારા અંતરના સાચા ભાવો ભળો !

હે વિશ્વવાલેશ્વર નાથ ! મેં જે પાપોની ગર્હા (નિંદા) કરી છે, તે પાપો હવે પછી જીવનમાં ક્યારેય પણ ન કરું એવો અકરણ નિયમ મને આપના પ્રભાવે પ્રાપ્ત થાઓ. આ દુષ્કૃતની ગર્હા (નિંદા) અને પાપ અકરણ નિયમ મને ખુબ ખુબ ગમે છે, તે માટે જ

હે અરિહંત ભગવાન ! હે કલ્યાણમિત્ર ગુરુદેવો !

આપની હિતશિક્ષા મને વારંવાર પ્રાપ્ત થાઓ ! આપ ઉભયનો સંયોગ પણ મને વારંવાર પ્રાપ્ત થાઓ ! આપનો સંયોગ પામવા માટે કરાતી મારી આ પ્રાર્થના ખરેખર સુ-પ્રાર્થના (ફળવતી) બનો ! આ સુ-પ્રાર્થના પ્રત્યે પણ મને અત્યંત બહુમાનભાવ છે.

હે પ્રભો ! આવી સુ-પ્રાર્થના દ્વારા મને પુણ્યાનુબંધી પૂણ્યસ્વરૂપ મોક્ષબીજની પ્રાપ્તિ થાઓ.

## હે નાથ ! જ્યારે તમે મળો ત્યારે !

पत्तेसु एएसु अहं सेवा-रिहे सिआ | आणा-रिहे सिआ |

पडिवत्ति-जुत्ते सिआ | निरइ-आर-पारगे सिआ |

હે તરણતારણ જહાજ અરિહંત પરમાત્મા ! હે પતિત-પાવન કલ્યાણમિત્ર ગુરુદેવો !

સાચા અંતઃકરણપૂર્વક કરેલી મારી પ્રાર્થનાના પ્રભાવે એક એવી ધન્ય પળ જરૂર આવશે, કે જ્યારે આપ ઉભયનો સાક્ષાત સંયોગ મને સંપ્રાપ્ત થશે. તે માટે અત્યારથી જ સંકલ્પ મુકું છું કે, આપ જ્યારે મને મળો ત્યારે,

હું આપની સેવાને યોગ્ય થાઉં, હું આપની આજ્ઞાનું પાલન કરવાને યોગ્ય થાઉં, હું આપની આજ્ઞાને સ્વીકારનારો થાઉં, હું આપની આજ્ઞાને નિરતિચાર રીતે પાળનારો થાઉં, એવી મારા અંતરની ઈચ્છા આપના પ્રભાવે વહેલી તકે પરિપૂર્ણ હોજો !

## સુકૃત અનુમોદના

संविग्गो जहा-सत्तीए सेवेमि सुकडं |

अणु-मोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं |

सव्वेसिं सिध्धाणं सिध्धभावं |सव्वेसिं आयरियाणं आयारं |

सव्वेसिं उवज्झायाणं सुत्त-प्पयाणं | सव्वेसिं साहुणं साहु-किरिअं |

सव्वेसिं सावगाणं मुक्ख-साहण-जोगे |

सव्वेसिं देवाणं, सव्वेसिं जीवाणं, होउ-कामाणं,

कल्लाणा-सयाणं मग्ग-साहण-जोगे |

હે સાર્વભૌમ ચક્રાધીશ્વર પ્રભુ !

શરણાગતિ અને દુષ્કૃતગર્હાની જળધારે સિંચાઈને સંવિગ્ન બનેલો એવો હું હવે યથાશક્તિ સુકૃતની અનુમોદનાનું કાર્ય શરુ કરું છું.

હે મારા મસ્તકના તાજ ! મારા હૈયાના હાર ! મારા વહાલા પ્રભુ !

આ વિશ્વમાં થયેલા ત્રણે કાળના અનંતાનંત અરિહંત પરમાત્માઓના ધર્મદેશનાદિ આદિ ઉપકારોની અનુમોદના કરું છું. સર્વ સિદ્ધ ભગવંતોના અનંત, અક્ષય અવ્યાબાધાદિ સ્વરૂપ સિદ્ધ-ભાવની અનુમોદના કરું છું. તમામ આચાર્ય ભગવંતોના પંચાચારના પાલનરૂપ સુકૃતોની અનુમોદના કરું છું. સર્વ ઉપાધ્યાય ભગવંતોના

જ્ઞાનદાનરૂપ સુકૃતોની અનુમોદના કરું છું. સમસ્ત સાધુ ભગવંતોના સ્વાધ્યાય આદિ સુકૃતોની અનુમોદના કરું છું.

સઘળાંયે શ્રાવકોના મોક્ષમાર્ગરૂપ મુનિ-વૈયાવચ્ચ આદિ સુકૃતોની અનુમોદના કરું છું. જેઓ નિકટમાં જ મોક્ષ પામવાવાળા છે, જેઓ શુદ્ધ-સરળ આશયવાળા છે, એવા ઈંદ્રાદિ દેવોના તથા ભવ્ય એવા સર્વ જીવોના મોક્ષમાર્ગના સાધનરૂપ જે કાંઈ સદાચાર વગેરે શુભકાર્યો હોય તેની હું સાચા દિલથી અનુમોદના કરું છું.

## પ્રણિધાન શુદ્ધિ

होउ मे-एसा अणु-मोअणा,

सम्मं विहि पुव्विआ, सम्मं सुध्धा-सया,

सम्मं पडिवत्ति-रुवा, सम्मं निरइ-आरा,

परम-गुणजुत्त अरहंताइ सामत्थओ |

હે સર્વશ્રેષ્ઠ ગુણોથી યુક્ત અરિહંત પરમાત્મા !

આપના અચિંત્ય સામર્થ્યના બળથી મારી આ સુકૃત અનુમોદના સૂત્રાનુસારે વિધિપૂર્વક બનો. આ અનુમોદના શુદ્ધ આશયવાળી અને કર્મનો નાશ કરનારી બનો. આ અનુમોદના સમ્યગ્ ક્રિયાસ્વરૂપ બનીને આપની આજ્ઞાનો સ્વીકાર કરાવનારી બનો. આ સુકૃત અનુમોદના કોઈ પણ પ્રકારના દોષ વિનાની નિરતિચાર બની રહો.

# મધ્યમ મંગલ

अचिंत-सत्ति-जुत्ता-हि-ते भगवंतो, विअरागा, सव्वण्णू,

परम-कल्लाणा, परम-कल्लाण-हेऊ सत्ताणं |

मूढे अम्ही पावे-अणाइ-मोह-वासिए,

अणभिन्ने भावओ, हिआ-हिआणं |

હે અચિંત્ય શક્તિને ધારણ કરનારા અરિહંત ભગવંતો !

આપ વીતરાગ છો ! આપ સર્વજ્ઞ છો !

આપ સ્વયં પરમ કલ્યાણ સ્વરૂપ છો !

સર્વ જીવોના પરમ કલ્યાણનું કારણ પણ આપ જ છો !

હે મારા નાથ ! આપ આવા સામર્થ્યવાળા મને મળ્યા હોવા છતાં મારી કથની આપને શું કહું ?

હું ખરેખર કેવો મૂઢ છું ! કેવો પાપી છું !

અનાદિકાલિન મોહના સંસ્કારોથી કેવો વાસિત છું કે, મારા હિત અને અહિતને પણ જાણી શકતો નથી.

अभिन्ने सिआ, अहिअ-निवित्ते सिआ, हिअ-पवित्ते सिआ,
आराहगे सिआ, उचिअ-पडिवत्तीए, सव्व-सत्ताणं सहिअंति |
इच्छामि सुकडं | इच्छामि सुकडं | इच्छामि सुकडं |

હે પરમ પિતા પરમાત્મા !

હું નમ્રભાવે આપને જણાવું છું કે, આપના અચિંત્ય પ્રભાવથી
હું મારા હિત અને અહિતનો જાણકાર થાઉં !
અહિતથી વિરામ પામનારો થાઉં ! હિતમાં પ્રવૃત્તિ કરનારો થાઉં !

સર્વ જીવો સાથે ઉચિત વર્તન કરનારો થાઉં !
અને સાચો આરાધક થાઉં ! કારણકે તેમ કરવામાં જ મારું હિત છે.

હે વિશ્વવાલેસર !

આ પ્રમાણે સુકૃતની અનુમોદના કરનારો
એવો હું પણ હવેથી વારંવાર

સુકૃતને ઈચ્છું છું ! સુકૃતને ઈચ્છું છું ! સુકૃતને ઈચ્છું છું !

# સૂત્ર સ્વાધ્યાયનો મહિમા

एवमेअं, सम्मं पढ-माणस्स, सुण-माणस्स, अणुप्पेह-माणस्स, सिढिलीभवंति, परिहायंति, खिज्जंति, असुह-कम्माणु-बन्धा, निरणु-बंधे वा असुह-कम्मे, भग्ग-सामत्थे सुह परिणामेणं. कडग-बध्धे विअ विसे, अप्प-फले सिआ, सुहा-वणिज्जे सिआ, अपुण-भावे सिआ |

આ પ્રમાણે આવા ઉત્કૃષ્ટ ભાવો સાથે જે આત્માઓ આ સૂત્રનો સારી રીતે પાઠ કરે છે, સારી રીતે સાંભળે છે, સારી રીતે તેનું ચિંતન કરે છે, તે આત્માઓ પર ભૂતકાળમાં લાગેલા અશુભ કર્મોના બંધન ઢીલા પડે છે.

તે કર્મોના પુદ્ગલો ખરવા માંડે છે. તે કર્મોની દીર્ઘસ્થિતિનો પણ નાશ થવા લાગે છે. અરે ! તે કર્મોના અનુબંધો પણ સર્વથા નાશ પામી જાય છે.

પગે સર્પદંશ થયા પછી અંગુઠાને દોરીથી બાંધી દેવાથી જેમ ઝેર આગળ વધતું નથી, તેમ આ સૂત્રનો પાઠ કરવાથી કર્મનું ઝેર પણ આગળ પ્રસરતું અટકી જાય છે. દુઃખ દેનારા કર્મો નિરનુબંધ થઇ જાય છે. આ સૂત્રના પ્રભાવથી તે કર્મોનું સામર્થ્ય ખલાસ થઇ જાય છે. કર્મોનું ફળ સાવ અલ્પ થઇ જાય છે. તે કર્મોને સહેલાઈથી સંપૂર્ણતયા આત્મા પરથી દૂર કરી શકાય છે. પછી ફરી તેવા કર્મોનો

બંધ થતો નથી. ભૂતકાળમાં ભોગવ્યા તેવા દુઃખો ભવિષ્યમાં ભોગવવા પડતા નથી.

## સૂત્ર સ્વાધ્યાયનું પરિણામ

तहा-आस-गलि-ज्जंति, परि-पोसि-ज्जंति, णिम्म-विज्जंति,

सुह-कम्माणु-बंधा, साणुबंधं च सुहकम्मं,

पगिट्ठं पगिट्ठ-भावज्जिअं, नियम-फलयं |

सुपउत्ते विव महागए,

सुह फले सिआ, सुह-पवत्तगे सिआ, परम-सुह-साहगे सिआ |

अओ-अपडिबंध-मेअं, असुह-भाव-णिरोहेणं, सुह-भाव-बीअंति, सुप्पणिहाणं-सम्मं पढिअव्वं, सम्मं सोअव्वं सम्मं अणुप्पेहि-अव्वंति |

આ સૂત્રનો સ્વાધ્યાય કરનારા પાઠકોના જીવનમાં શુભકર્મોના અનુબંધો ભરપૂર પ્રમાણમાં ભેગા થાય છે.

શુભ ભાવનાઓની વૃદ્ધિ થવાથી તે પુણ્યકર્મો પરિપુષ્ટ બને છે. અત્યંત બળવાન બનેલા શુભકર્મો જીવાત્માને મોક્ષ સુધી પહોંચાડે છે. શુભ અધ્યવસાય સાથે કરેલા આ સૂત્રના સ્વાધ્યાયથી જે પુણ્યકર્મો પેદા થાય, તે પુણ્યકર્મોની પાછળનો અનુબંધ એટલો બધો પ્રકૃષ્ટ હોય છે કે, આ પુણ્યકર્મોના નિયમા ઉત્તમ શુભ ફળ આપે છે.

દા. ત. મહાવ્યાધીમાં આપેલું કોઈ કલ્યાણકારી ઔષધ જેમ અચૂક પરિણામ દેખાડે છે, તેમ આ શુભ કર્મોના અનુબંધો પણ અચૂક ફળ આપનારા બને છે. નવા તેજસ્વી શુભકાર્યોમાં પ્રવૃત્તિ કરાવનારા બને છે. પરમસુખનું કારણ બને છે.

માટે આવા કારણોને જાણીને સાંસારિક ફળની આશંસા રહિત બનીને, ચિત્તના અશુભ ભાવોને દૂર કરીને જો આ સૂત્રનો સ્વાધ્યાય કરવામાં આવે તો આ સૂત્ર શુભ ભાવોનું બીજ બને છે. એકાગ્રતાને ધારણ કરીને આ સૂત્રનો સારી રીતે પાઠ કરવો. સારી રીતે શ્રવણ કરવું. સારી રીતે પરિભાવન કરવું.

# અંતિમ મંગલ

नमो नमिअ-नमिआणं परम-गुरु-वीअरागाणं |

नमो सेस-नमुक्कारा-रिहाणं | जयउ सव्वण्णु-सासणं |

परम् संबोहिए

सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा |

નમસ્કરણીય એવા દેવેન્દ્રો, નરેન્દ્રો અને ગણધરો દ્વારા પણ જેને નમસ્કાર કરવામાં આવ્યા છે એવા હે પરમ ગુરુ !

હે વીતરાગ ભગવંત ! આપને મારા કોટિ કોટિ પ્રણામ !

નમસ્કરણીય એવા હે આચાર્ય આદિ મુનિવરો !

આપને મારી વારંવાર વંદના !

વીતરાગ સર્વજ્ઞ પ્રણિત જિનશાશન જય પામો ! સર્વોત્તમ એવા સમ્યક્ત્વની પ્રાપ્તિ કરીને જગતના સર્વ જીવો

સુખી થાઓ ! સુખી થાઓ ! સુખી થાઓ !

|| इति पाव पडिग्धाय-गुणबीजाहाणं-सुत्तं-सम्मतं ||

# <u>મંગલ પ્રાર્થના</u>

અણુ પરમાણુ શુધ્ધ બની જાઓ !

આખા વિશ્વનું મંગલ થાઓ !

સર્વે જીવો મોક્ષે જાઓ !

જિન શાશનનું જય જય થાઓ !

# માંગલિક

ૐ શ્રી શ્રી ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવળી પન્નતો ધમ્મો મંગલં.

શ્રી ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવળી પન્નતો ધમ્મો લોગુત્તમો.

શ્રી ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતા શરણં પવજ્જામિ, સિદ્ધે શરણં પવજ્જામિ, સાહુ શરણં પવજ્જામિ, કેવળી પન્નતમ ધમં શરણં પવજ્જામિ |

જેના શરણે જઈએ તેના જેવા થઈએ !

એ ચાર માંગલિક, ચાર ઉત્તમ ને ચાર શરણ કરે જે,
ભવસાગરમાં ન બુડે તેહ,
સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણાં સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મોક્ષે જાય,
સંસાર માંહી શરણા ચાર, અવર શરણ ન કોઈ,
જે નર નારી આદરે, તેને અક્ષય અવિચળ પદ હોય.

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણાં ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીયે, મન વાંછિત ફળ દાતાર.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દિજે દાન,
ભાવે ધર્મ આરાધિયે, ભાવે કેવળ જ્ઞાન.

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

ૐ શાન્તિ:, શાન્તિ:, શાન્તિ: |

12-30-18